**ડાયરેક્ટ ❤ સે**

આજના જમાનામાં
નામ બનાવવું હોય
તો દુનિયાની નજરમાં
બદનામ થવું પડે

## જન્મદિને વધામણી



શકુંતલાબેન પ્રતાપસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧



ઈન્દુબેન દવે
પૂર્વ પ્રમુખ,
લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર



રશ્મિકુંવરબા
છત્રસિંહ ચૌહાણ

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# કલા મહાકુંભ અંતર્ગત શહેરની સ્પર્ધાઓ યોજાઈ








રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત કમિશનર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર દ્વારા આ વર્ષથી જ કલા મહાકુંભનો આરંભ કરવામાં આવ્યો છે, એ સમાચાર ગાંધીનગર સમાચારના વાચકો માટે નવા નથી ને ગત તા. ૩૧ જુલાઈના રોજ ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારની સ્પર્ધાઓ કલા મહાકુંભ અંતર્ગત યોજાઈ ગઈ એ સમાચાર પણ વાચકો જાણે છે. કલા મહાકુંભના આ જ ક્રમમાં ગુરુવારે ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. મહાનગરપાલિકા વિસ્તારને ચાર ઝોનમાં વહેંચી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘એ’ વિભાગની સ્પર્ધા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ ખાતે, ‘બી’ વિભાગની સ્પર્ધા લલિતકલા ઍકેડેમી, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે, ‘સી’ વિભાગની સ્પર્ધા ગોપાલક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૧૫ ખાતે અને ‘ડી’ વિભાગની સ્પર્ધા સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ, ધોળાકુવા ખાતે યોજવામાં આવી હતી. એકપાત્રીય અભિનય, બાંસુરીવાદન, ઑર્ગનવાદન, તબલાંવાદન, હાર્મોનિયમવાદન, લોકનૃત્ય, ગરબા જેવી કૃતિઓની સ્પર્ધા આ ક્રમમાં યોજવામાં આવી હતી. શુક્રવારે પણ આ ક્રમ ચાલુ રહેશે અને ગાયન વિભાગ અને ભરતનાટ્યમ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવશે.

# ‘પનઘટ’ દ્વારા શહેરના જન્મદિનની અનોખી ઉજવણી





ગાંધીનગર શહેરના ૫૩મા સ્થાપના દિનની ઉજણવી શહેરની કલા સંસ્કૃતિની સેવા કરતી સંસ્થા ‘પનઘટ કલા કેન્દ્ર‘ દ્વારા અનોખી રીતે કરવામાં આવી. શહેરના ૬૦ જેટલા આર્થિક ગરીબ ઝૂંપડાવાસી બાળકોને તા.૧ ઓગસ્ટનાના રોજ નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તા.૨ ઓગસ્ટના રોજ આ નાના બાળકો ભેટ મળેલ નવા કપડાં પહેરી પોતાના શહેરના જન્મ દિવસની ઉજવણીમાં પનઘટ કલા કેન્દ્રના કલાકારો સાથે હોંશથી જોડાયા હતા. ગરીબ બાળકોને ‘૫૬ ભોગ’ હોટેલમાં લઈ જઈ ખૂબ ઉત્સાહથી સંગીત ખુરશી, લીંબુ ચમચી, જેવી રમતો તેમના માટે યોજવામાં આવી હતી. તે ઉપરાંત તેમને સમૂહનૃત્યમાં પણ સામેલ કરાયા હતા. પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ બાળકોને ભેટ પણ આપી. સૌને ભરપેટ ભોજન કરાવીને સૌએ સાથે મળીને શહેરીના જન્મદિવસ નિમિત્તે કેક કાપી, ગુલાબજાંબુ અને કેકથી શુકન કરાવ્યું હતું. આ સમગ્ર વિચારબીજને સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલે ખૂબ ઉમદા રીતે સાકાર કર્યું હતું. આ અવસરને રૂડો બનાવવામાં સહકાર આપનાર કિન્નરભાઈ ઝવેરી, ૫૬ ભોગ હોટેલના સ્ટાફ તથા માલિક ડૉ. પ્રદિપ ગગલાણી, અરિહંત રેડીમેડ ગારમેન્ટસના મોહકભાઈ ઝાટકિયા,લક્ષ્મી બેકરીના કિશોરભાઈ, સાગરસિંહ વાઘેલા, દીપકભાઈ અમીન તથા બિંદુબેન અમીન પ્રતિ પનઘટ સંસ્થા વતી ભાવિનભાઈ પટેલે આભારની લાગણી પ્રગટ કરી હતી.

આ કાર્યક્રમ સફળ બનાવવા પનઘટ સંસ્થાનાં સંવેદનશીલ કલાકાર હીર શુકલ, માનસી રાવલ, ધરતી કંદોઈ, ભવ્યા ભટ્ટ, હની ચિતરિયા, વૈદેહી પંડ્યા, પ્રાચી સાલ્વી, મોનિકા ભાટિયા, દિવ્યા પંડ્યા, નૈસર્ગી જોશી, હેમાંશી ઓડેદરા, કેતા દેસાઈ, મીતિ ભટ્ટ, નિધિ હુદાણી, પ્રાચી રામી, પ્રેરણા તિવારી, રિયા હુદાણી, વિશ્વા રાઠોડ દ્વારા અમોલું યોગદાન આપવામાં આવ્યું હતું.

# જિલ્લા તંત્રી પરિષદના પ્રમુખ તરીકે ભરત કવિ

## ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ પટેલ અને હિમાંશુ ભચેચ, મહામંત્રી તરીકે લક્ષ્મણ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે મળી હતી, જેમાં નવી ટર્મના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



પ્રમુખ તરીકે પાટનગર પ્રકાશના તંત્રી અને સાહિત્યકાર ભરત કવિની સતત બીજી ટર્મ માટે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ પટેલ અને હિમાંશુ ભચેચ, મહામંત્રી તરીકે લક્ષ્મણ પટેલ, મંત્રી તરીકે પાર્થ ઠક્કર અને હરિશ રાણા, સહમંત્રી તરીકે રજનીકાન્ત મિસ્ત્રી (કલોલ), વિશાલ પંચાલ (માણસા), ખજાનચી તરીકે જિતેન્દ્રસેજાણી, સંગઠન મંત્રી તરીકે જૈનુલ પટેલ અને મહિલા પ્રતિનિધિ તરીકે સંગીતા રાઠોડની વરણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદના હોદ્દેદારોની ટર્મ ત્રણ વર્ષની નિયત કરવામાં આવી છે. ગત ટર્મમાં પણ પ્રમુખ તરીકે ભરત કવિની વરણી કરવામાં આવી હતી અને આ વખતે સતત બીજી વખત તેમની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. નગરની અખબારી આલમ તરફથી ભરત કવિ અને તેમની નવનિયુક્ત ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય ઉપરાંત ગાંધીનગર શહેરના ૫૩મા જન્મદિન પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય જયેશ ચૌધરી, આઈએઍસ ડી જી ઝાલાવાડિયા, નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર ઉપસ્થિત રહ્યા હતા.

# આપદા પ્રબંધન મજબૂત પરંતુ આપત્તિમાં લોકો મજબૂર

સમગ્ર ગુજરાતમાં વીસમી જુલાઈ, ૨૦૧૭થી અવિરત વર્ષાની મહેર થતાં તેમાં કહેરની બદબૂ આવવા લાગી અને લોકો અતિ પરેશાન થઈ ગયા. સર્વત્ર જળ-બંબાકાર અને પાણીનાં ઉગ્ર રૂપની કહાણી લોકોએ અનુભવી. રાજસ્થાન, આસામ, ગુજરાત વગેરેમાં વરસાદના આગમનથી પહેલાં આનંદ થયો પણ વરસાદ એકધારો, સતત રહ્યો જેથી બાદમાં આક્રંદ ઊભો થયો. વરસાદ એ ધરતી સાથેનું કુદરતનું મધુર મિલન ગણાય છે અને ઉનાળા દરમિયાન જેટલી ગરમી વધુ પડી હોય તેના પ્રમાણમાં વરસાદ સહજ રીતે આવતો હોય છે. પરંતુ આમાં કુદરત તેનું કાર્ય કરે છે. આપણી ધારણા કે આગાહી મુજબ બધું થતું નથી કેમ કે એ ઈશ્વરની ગતિ અને નિયતિ હોય છે. વરસાદના માહોલમાં ગ્રામ્ય વિસ્તારોની જે હાનિ થાય છે એ બહુ જ દુખદ બની રહે છે. કેમ કે ત્યાં જે મકાનો, રસ્તાઓ વગેરે છે તે અન્ય ઋતુઓમાં પણ યોગ્ય કક્ષાનાં હોતાં નથી અને પાણીના નિકાલની વ્યવસ્થા જેવું પણ કશું હોતું નથી. પશુઓ ઘરના આંગણે કે વાડી યા ફરજામાં રાખેલા હોય છે ત્યારે અચાનક જળપ્રવાહ ગમે તે કારણે વધવા લાગે તે સમયે આ ગામડાઓ પૂરગ્રસ્ત થયા વિના રહેતા નથી. એ આઝાદીથી આજ સુધી જોવા અને અનુભવવા મળેલું સત્ય છે. પાકાં મકાનો હવે બન્યાં છે છતાં ગરીબોનાં કાચાં મકાનો, ઝૂંપડાં વગેરે પણ હટી શક્યાં નથી અને પ્રથમ





**જીવન ઉપવન**

**મહેન્દ્ર એમ ત્રિવેદી**

mmtrivedi007@gmail.com

ભોગ તેઓ જરૂર બની જાય છે. આપણું ભારતીય સૈન્ય, એનડીઆરએફ સરકાર અને વહીવટી તંત્રને હાર્દિક રીતે એક સલામ જરૂર આપવાનું મન થાય છે કેમ કે મોરબી પંથક, જામનગર તરફ સમયે આવશ્યક સહાય કર્યા બાદ તેઓ ઝડપથી બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતમાં જે મેઘતાંડવ થયું ત્યાં પૂરતા પ્રયાસોથી પ્રજાની મદદ કરી. તદુપરાંત સેવાભાવી સંસ્થાઓએ પણ સામાજિક ધર્મ પોતાની રીતે નિભાવ્યો. દુખીજનોના લોકો કે પરિવારના આંસુ લૂછવા એ મોટો ધર્મ છે અને ગુજરાતની પ્રજા ત્યારે બધું જ ભૂલીને આ કામ નિષ્ઠાથી કરે છે. ત્યારે અવશ્ય ગર્વની લાગણી બધાને થાય છે. ગુજરાતીમાં કહેવત છે કે આભ અને ગાભનો કોઈ ભરોસો થાય નહીં. બીજું, અગ્નિ કે જળ એ કદી નાનાં કે થોડાં હોતાં જ નથી, એ વિનાશ ઝડપથી કરી શકે છે. વર્ષા એ અમૃત છે પરંતુ અતિ પ્રમાણ એ વિષ હોય છે. બીજી તરફ શહેરી વિસ્તારોમાં પાણીએ સ્થિતિને વિકૃત કરી પરંતુ આમાં કુદરત કરતાં માનવ વધુ જવાબદાર છે. ઝડપથી શહેરીકરણ થાય છે તે બધાને ગમી જાય છે પણ પાયાનાં કામો ધ્યાનમાં લેવાતા નથી તે સત્ય છે.

તામિલનાડુમાં ચેન્નાઈમાં જળ-બંબાકાર અગાઉ થયું હતું. તે પહેલાં મુંબઈ પાણીમાં ડૂબી ગયું હતું. એ બધાને ખબર છે, છતાં નવા જે શહેરો ઝડપથી વિકસી રહ્યા છે. ત્યાં પાણીનાં નિકાલની તકેદારી જે લેવાવી જોઈએ તે કામ સારી રીતે થતા નથી અને રસ્તાઓ થોડા જ વરસાદમાં ધોવાઈ જાય છે ! પુષ્કળ નાણાંનું આયોજન આ ક્ષેત્ર માટે થવા છતાં પણ કામમાં પોલ શા માટે રહી જાય છે તે બધાના મગજમાં એક મૂંઝવતો સવાલ છે. આ બાબતે સદાચાર ખીલવો ખૂબ જરૂરી બન્યો છે. ભ્રષ્ટાચાર સામે હાલનું પ્રશાસન લડી જ રહ્યું છે તે વખતે ગૂડ ગવર્નન્સ સાબિત કરવાનું કાર્ય પુષ્કળ મહત્ત્વ ધરાવે છે. મહારાષ્ટ્રમાં લાતુર અને કચ્છમાં ગુજરાતે ભૂકંપની તારાજી જોઈ તે પછી આપદા પ્રબંધન (ડિઝાસ્ટર મૅનેજમેન્ટ)નો ખ્યાલ વધુ સશક્ત થયો છે અને સરકારી આગવી સૂઝબૂઝનો અમલ પણ કર્યો છે. ખુદ નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આવી, પરિસ્થિતિનો જાતે તાગ મેળવી બધાને દોડતા રાખ્યા અને સહાયની પણ જાહેરાત કરી. એટલે તેમાં કોઈ દોષ કાઢી શકાય તેવું નથી. પરંતુ આ આપત્તિઓ કુદરત સિવાય કયાં કારણોથી વધી જાય છે ? આ કારણોને નિર્મૂળ કરવાં જરૂરી છે. લાખો લિટર પાણી તબાહી કરી અને સમુદ્રમાં જતું રહે છે ત્યારે જળપ્રબંધન દ્વારા તે માટે યોગ્ય સંગ્રહ કરવા તે માટે યોગ્ય સંગ્રહ કરવા, સુરક્ષા માટે સ્થળો બનાવવા, રોડ-રસ્તાઓ ગુણવત્તાવાળા બનાવવા, જળ નિકાલની પૂરી સિસ્ટમને અમલી બનાવવા, લોકોની જાગૃતિ વિસ્તૃત કરવા જેવા ઍક્શન પ્લાન ઉપર વધુ ધ્યાન આપવું પડશે. તબાહી બધાને અસર કરે છે પણ અતિ પછાત તથા ગરીબોને તે ગળી જાય છે ! રોગચાળો ના વધે તે માટે પ્રથમથી કાર્યવાહી અમલી બનાવવી જ પડે તેવો સમય છે. કૃષિકારોની હાલત હાલ તો ખરાબ થઈ ગઈ છે એટલે ઘણાબધા તબક્કાઓ સહાયની આશા સેવી રહ્યા છે. આપત્તિ કદી કહીને આવતી નથી પરંતુ આગમનના એંધાણ મળી જતા હોય ત્યારે સૌએ સામુહિક પ્રયાસો કરી સાચા અર્થમાં સમાજનું ભલું થાય એ હેતુથી સામનો કરવો એ સાચી પરંપરા રહી છે. ગુજરાતનું ગૌરવ વધે અને લોકો રાષ્ટ્રના વિકાસમાં પ્રદાન કરે એ ધ્યેય બની રહે તેવી અપેક્ષા છે. નાના માણસોનાં દિલ અને અરમાનો નાનાં બની ના જાય તે કાળજી લેવી એ પણ રાષ્ટ્રધર્મ જ છે.

**શેર આસ્વાદ**

તકદિર કે સંગ કિતને અજીબ હૈ
અનજા રિશ્તે હૈં ફિર ભી કરીબ હૈ

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઆની રિલાયન્સ ફાઉન્ડેશનની સ્કૉલરશીપ માટે પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૩

રિલાયન્સ ફાઉન્ડેશન તરફથી ધીરુભાઈ અંબાણી શિષ્યવૃત્તિ કાર્યક્રમ-૨૦૧૭ની શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે.

આ શિષ્યવૃત્તિ અંતર્ગત રૂપિયા ૪૧ હજાર જેવી રકમ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ રહી છે.

શાળાના વિદ્યાર્થી અપૂર્વ ગિરિશભાઈ પટેલ, સંકલ્પ સંજયકુમાર આચાર્ય, પ્રિત મનીષકુમાર ગોરે, મહીન મયુરકુમાર શાહ અને કોષા ભાવેશકુમાર પટેલની પસંદગી આ શિષ્યવૃત્તિ માટે કરવામાં આવી છે.

શાળા પરિવાર વતી આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ આ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.